પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬૧ | ૧૨ મે, ૨૦૧૭, શુક્રવાર ; વૈશાખ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સુપ્રિમમાં ત્રિપલ તલાક મુદ્દે ઐતિહાસિક સુનાવણી શરૂ

## સુપ્રિમની બેંચમાં તમામ જજ જુદા જુદા ધર્મના : ત્રિપલ તલાક મુસ્લિમોમાં અધિકારનો હિસ્સો છે કે કેમ તેમાં ચકાસણી : એક કરતા વધુ લગ્ન મુદ્દે ચર્ચા થશે નહીં



નવી દિલ્હી,તા. ૧૧

ત્રિપલ તલાકના મુદા પર સુપ્રિમ કોર્ટની પાંચ સભ્યોની બંધારણીય બેંચે આજે ઐતિહાસિક સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે કહ્યું હતું કે તે આ બાબત ઉપર વિચારણા કરશે કે ત્રિપલ તલાક મુસ્લિમોના મૂળભૂત અધિકારોનો હિસ્સો છે કે કેમ. ચીફ જસ્ટીસ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે તે આ બાબતમાં પણ ધ્યાન આપશે કે ત્રિપલ તલાક લાગુ કરવાથી યોગ્ય મૂળભૂત અધિકારોનો હિસ્સો બને છે કે કેમ જોકે કોર્ટે શરૂઆતથી જ કહ્યું છે કે તે એકથી વધુ લગ્નના મુદા પર વિચારણા કરશે નહીં. કોર્ટે એમ કહીને ઈનકાર કરી દીધો છે કે એકથી વધુ લગ્નનો મુદ્દો ત્રિપલ તલાક સાથે સંબંધિત નથી. મામલા પર સુનાવણી દરમ્યાન અરજી કરનાર લોકોએ કહ્યું હતું કે જો ત્રિપલ તલાક ઈસ્લામના મૂળભૂત અધિકારોનો હિસ્સો રહ્યો હોત તો મોટી સંખ્યામાં મુસ્લિમ દેશોએ તેના પર પ્રતિબંધ મુક્યો ન હોત. આના પર કોર્ટે કહ્યું હતું કે તે એવા કાયદા પર નજર નાખશે જેમાં ત્રિપલ તલાક પર પ્રતિબંધ મુકવાવાળા દેશોનો સમાવેશ થાય છે. કોર્ટમાં દાખલ કરવામાં આવેલી

● અનુસંધાન પાન-૫ પર

# મોદી સરકારના ત્રીજી વર્ષગાંઠની ૧૫ દિવસ ભવ્ય ઉજવણી કરાશે

## ન્યુ ઈન્ડિયા નામ હેઠળ નવા અભિયાનની શરૂઆત કરાશે ર૬મીએ મોદીના રાષ્ટ્રને સંબોધનની સાથે ઉજવણી શરૂ



નવી દિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં ત્રણ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. ભાજપ દ્વારા ૧૫ દિવસ સુધી ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. ત્રીજી વર્ષગાંઠને ધ્યાનમાં લઈને ઉજવણીની શરૂઆત થયા બાદ ઉજવણી ૧૫મી જુન સુધી ચાલશે. ૨૬મી મેના દિવસથી ઉજવણીની શરૂઆત થનાર છે. ગુવાહાટીમાં ૨૬મી મેના દિવસે રાષ્ટ્રના નામ સંબોધન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. આની સાથે જ ઉજવણીની શરૂઆત થઈ જશે.વડાપ્રધાન ત્યારબાદ ત્યારબાદ ભારતના ચાર મોટા શહેરની મુલાકાત લેનાર છે. મોદી જે શહેરોમાં પહોંચનાર છે તેમાં બેંગલોર, દિલ્હી, જયપુર, કોટા અને પુણેનો સમાવેશ થાય છે. ભારતભરમાં ૯૦૦ શહેરોમાં ઉજવણી કરવામાં આવનાર છે. દરેક પ્રધાન ચાર શહેરોની મુલાકાત લેનાર છે. સબકા સાથ સબકા વિકાસ કાર્યક્રમ ૫૦૦ શહેરોમાં યોજવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામાન્ય લોકોને બે કરોડ પત્ર લખનાર છે. ૧૫ દિવસના ગાળામાં જ ૧૦ કરોડ એસએમએસ પણ કરવામાં આવનાર છે. આની સાથે સાથે ૨૬મી મેના દિવસે ૪૦૦ અખબારોના પ્રથમ પાના પર કેન્દ્રની સિદ્ધીઓને રજૂ કરતી જાહેરખબર પ્રકાશિત કરવામાં આવનાર છે. સાથે સાથે ટેલિવિઝન અને રેડિયો પર ૩૦થી ૬૦ સેકન્ડની જાહેરાત પણ આપવામાં આવનાર છે. રાજ્યોમાં ભાજપ દ્વારા ૩૦૦થી વધારે મલ્ટિ મિડિયા પ્રદર્શનનુ પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. દરેક મંત્રાલય દ્વારા તેની સિદ્ધી સાથે બુકલેટ તૈયાર કરીને રજૂ કરવામાં આવશે. પહેલા અને હવેના નામ સાથે આ સિદ્ધીઓ રજૂ કરવામાં આવનાર છે. સરકાર ખેડુતો, મજુરો, મહિલાઓ અને યુવાનોને ધ્યાનમાં લઈને તમામ બાબતો રજૂ કરનાર છે.

# રાજસ્થાનમાં દિવાલ તૂટી પડતા ૨૫ના મોત

## ભરતપુરમાં મેરેજ હોલની દિવાલ તુટી પડતા ૩૦ ઘાયલ : ઘાયલ પૈકી ઘણા હજુ ગંભીર : લગ્નવિધિ બાદ મહેમાનો ભોજન કરતા હતા ત્યારે બનાવ : હોલ માલિક સામે કેસ



ભરતપુર,તા. ૧૧

રાજસ્થાનના ભરતપુરમાં લગ્ન હોલની દિવાલ ધરાશાયી થવાના મામલામાં પોલીસે તપાસ હાથ ધરી છે. જેના ભાગરૂપે પોલીસે લગ્ન હોલના માલિકની ઓળખ કરી લીધી છે. આ બંનેની ઓળખ સરણલાલ શર્મા અને વિનોદકુમાર તરીકે થઈ છે. બીજી બાજુ મેરેજ હોલના માલિક સામે પણ કેસ નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે. ભરતપુરમાં ટુંક સમયમાં જ તમામ લગ્ન હોલ અને ગાર્ડનોના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૫ પર

# આર્મી ઓફિસરની હત્યામાં હિઝબુલનો હાથ હોવાની શંકા

## હત્યા માટે ઈનસાસ રાયફલનો ઉપયોગ કરાયો : કાશ્મીરી આર્મી ઓફિસરના મૃતદેહ પર ટોર્ચરના કોઈ નિશાન મળ્યા નથી : પોસ્ટમોર્ટમ રિપોર્ટનો હજુ ઈન્તજાર



શ્રીનગર,તા. ૧૧

જમ્મુ-કાશ્મીરના સોપીયન જિલ્લામાં ૨૨ વર્ષીય કાશ્મીરી આર્મી ઓફિસરનું અપહરણ કરીને ઘાતકી હત્યા કરી દીધાના એક દિવસ બાદ એવી ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે કે હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલા શખ્સોએ આ કૃત્ય કર્યુ હતું. જમ્મુ-કાશ્મીર પોલીસને શંકા છે કે તેમની સુરક્ષા જવાનો પાસેથી થોડાક સમય પહેલા આંચકી લેવામાં આવેલી ઈનસાસ રાયફલનો ઉપયોગ આ ક્રાઈમ માટે કરાયો હતો. ફયાઝના મૃતદેહ ઉપર અત્યાચારના કોઈ નિશાન મળી આવ્યા નથી. જ્યારે પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. ઘટના સ્થળે ઈનસાસ રાયફલના બે ખાલી કારતૂસ મળી આવ્યા છે. હાલમાં હથિયાર આંચકી લેવાના બે બનાવ બન્યા હતા. બીજી બાજુ રાજપૂતાના રાયફલના કર્નલ અને જનરલ ઓફિસર કમાન્ડીગ અભયકૃષ્ણએ કહ્યું છે કે કાશ્મીર ખીણમાં હાલના તબક્કે સ્થિતિ સારી નથી. કાશ્મીરના લોકો આતંકવાદ વિરોધમાં મેદાનમાં ઉતરે તે જરૂરી છે. અત્રે નોંધનિય છે કે જમ્મુ-કાશ્મીરના સોપીયન વિસ્તારમાં આતંકવાદીઓએ રજા મેળવી લીધા બાદ પોતાના ઘરે પહોંચેલા સેનાના લેફટીનેન્ટની બર્બરતાપૂર્વક ઘાતકી હત્યા કરી દીધી હતી. આતંકવાદીઓએ સેનાના આ ઓફિસરનું એક લગ્ન પ્રસંગમાંથી અપહરણ કરી લીધું હતું ત્યારબાદ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રમાં કરા સાથે કમોસમી વરસાદ

## જામનગર, રાપર, રાજકોટ, ચોટીલામાં વરસાદ : કાળઝાળ ગરમીની વચ્ચે આગામી ચાર દિવસ ૪૩ ડિગ્રી રહે તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ, તા.૧૧

કાળઝાળ ગરમી વચ્ચે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં આજે કમોસમી વરસાદ થયો હતો. કરા સાથે વરસાદ થવાના કારણે આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. કચ્છના રાપર તાલુકામાં ગાગોદર ગામમાં કરા સાથે વરસાદ થયો હતો. આ ઉપરાંત આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ થયો હતો. બીજી બાજુ જામનગરના કાલાવાડના નજીકના વિસ્તારોમાં પણ વરસાદ થયો હતો. રાજકોટના વિવિધ ભાગોમાં પણ કમોસમી વરસાદી ઝાપટા પડ્યા હતા. ચોટીલા અને ગોંડલના નાના ઉમવાડા વિસ્તારમાં પણ કમોસમી વરસાદ થયો હોવાના અહેવાલ મળ્યા છે. તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યું છે ત્યારે કચ્છના રાપર

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલ આવશે

દેશના રાજ્યો તામીલનાડુ, મધ્યપ્રદેશ, અરૂણાચલપ્રદેશ અને મેઘાલયમાં પૂર્ણકાલીન રાજ્યપાલ નથી જ્યારે આંધ્રપ્રદેશના રાજ્યપાલ ઈએસએલ નરસિંહનનું નામ ઉપરાષ્ટ્રપતિ પદે નિશ્ચિત હોવાનું મનાય છે.

### ચીનમાં ધરતીકંપ



ચીનના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં ૫.૫ રીક્ટર સ્કેલના ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. સમગ્ર વિસ્તારમાં ધરતીકંપથી ૮ના મોત થયા છે અને ૨૩ને ઈજા થઈ છે.

### યુપી ભાજપમાં ૮૭ નેતાઓ હાંકી કઢાયા

ઉત્તરપ્રદેશ ભાજપમાં સાફસુફી પૂરજોશમાં ચાલી રહી છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ જિલ્લા અને પ્રદેશકક્ષાના ૮૭ નેતાઓને હાંકી કઢાયા છે.

### બીબરના કોન્સર્ટમાં પચાસ ચાહકો બેભાન



મુંબઈ ખાતે બુધવારે રાત્રે યોજાયેલ પોપસ્ટાર બીબરના કોન્સર્ટમાં ૪૫ હજારથી વધારે ચાહકો ઉમટ્યા હતા. કોન્સર્ટ દરમ્યાન બીબરના પર્ફોમન્સની રાહ જોવામાં પચાસ ચાહકો બેહોશ થયા હતા જેમને બીઆર પાટીલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. ઈમરજન્સી માટે એરપોર્ટ પર ૬૦૦ એમ્બ્યુલન્સ તહેનાત કરાઈ હતી.

### ઈન્સ્ટાગ્રામે લોન્ચ કર્યું નવુ ફિચર



ફોટો શેરિંગ એપ્લિકેશન ઈન્સ્ટાગ્રામે તેના વેબ પોર્ટલને વધારે કાર્યરત બનાવવા માટે નવા ફિચર્ચ એડ કરી રહી છે. ઈન્સ્ટાગ્રામે તેની મોબાઈલ વેબસાઈટને અપગ્રેડ કરી છે.

### કાનપુરમાં સટ્ટા રેકેટનો પર્દાફાશ

કાનપુર, તા.૧૧

ઈન્ડિયન પ્રિમિયલર લીગ રોમાંચક તબક્કામાં પ્રવેશી ગઈ છે ત્યારે કાનપુરમાં એક મોટા બેટીંગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ટીમની હોટલમાંથી ત્રણ બુકીની ધરપકડ કરવામાં આવી છે. આઈપીએલની રોમાંચક મેચોનો દોર ચાલી રહ્યો છે ત્યારે આઈપીએલમાંથી સટ્ટા બેટીંગના વાદળો હજુ પણ દુર થયા નથી. આઈપીએલ ઉપર સટ્ટાના વાદળો હજુ પણ ઘેરાયેલા છે. ગુજરાત લાયન્સ અને દિલ્હી ડેરડેવિલ્સ વચ્ચેની કાનપુર ખાતેની મેચ રમાયાના એક દિવસ બાદ પોલીસે ત્રણ બુકીઓની ધરપકડ કરી લીધી છે. આ બુકી લેન્ડમાર્ક હોટલમાંથી ઓપરેટ થઈ રહ્યા હતા. બંને ટીમો જે હોટલમાં રોકાઈ હતી. તે લેન્ડમાર્ક હોટલમાં જ આ ત્રણ બુકીઓ પણ રોકાયેલા હતા. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ગઈકાલે મોડી રાત્રે આશ્ચર્યજનક રીતે બાતમી બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે મુંબઈના માસ્ટર માઈન્ડ રમેશ શાહને પકડી પાડવામાં સફળતા મેળવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

